Gezia

GIDC
GUJARAT INDUSTRIAL DEVELOPMENT CORPORATION
ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ

# ગાંધીનગર ઈલેક્ટ્રોનિક્સ ઝોન ઈન્ડસ્ટ્રીઝ એસોશિએશન

# સ્વચ્છતા અભિયાન-૨૦૧૬

**'આપણી વસાહત,સ્વચ્છ વસાહત'**

**'ચાલો આપણે સૌ સાથે મળીને વસાહતને સ્વચ્છ અને હરીયાળી બનાવીએ.'**

આ અંગે આપનું સુચન આપવા વિનંતી. ફોન નં.૨૩૨ ૮૭૧૩૦

તારીખ:૨૨.૧૦.૨૦૧૬

આપ સૌ મેમ્બરશ્રીઓને જણાવવાનું કે ભારત સરકારશ્રી અને ગુજરાત સરકારશ્રી ના સઘન. અને અસરકારક સ્વસ્છતા અભિયાન–૨૦૧૬ અંતૅગત જી.આઈ.ડી.સી. અને ગેજીયા દ્વારા આપણી વિજાણું વસાહતને સ્વચ્છ કરવાનું આયોજન કરવામાં આવેલ છે તેમાં આપનો સાથ સહકાર આપવા નમ્ર વિનંતી છે.સઘન અને અસરકારક સ્વસ્છતા અભિયાનના માપદંડ નીચે મુજબ છે.

| ક્રમ | માપદંડ |
|---|---|
| ૧ | ઝાડી ઝાંખરાનો નિકાલ થયેલ છે કે કેમ? |
| ૨ | વરસાદી પાણીની ગટરની સફાઇ (SWD Cleaning)(રીચાર્જવેલ સફાઈ) |
| ૩ | વસાહતના ઘન કચરાનો નિકાલ (Removal of Garbage/Solid waste)ગાંધીનગર મ.ન.પા. દ્વારા લેવામાં આવે છે. |
| ૪ | બહારની તરફની દિવાલોને સમાન રંગ (Common Color Code) |
| ૫ | વૃક્ષારોપણ( Tree plantation) |
| ૬ | પાણી પુરવઠા ,ગટર વ્યવસ્થા તેમજ આવી આનુસાંગિક સેવાઓને લગતા બાંધકામો જેવાકે ભુગર્ભ પાણીની ટાંકી,ઉંચી ટાંકી,પંપ રૂમ વગેરેની સફાઇ (Cleaning of ESR &Sump etc)કલર કામ પીપીએરીયા,બહારની દિવાલ,ઓટલાઓ,ઝાડ અને ગેટને કલર કરવો,સાઈન બોર્ડ ને કલર કરવા. |
| ૭ | વસાહતનુ નામ,નકશો, શેરીના ના દર્શાવતા બોર્ડનો રંગ કરવા (Painting estate Name Board, Map Sign Board, street name board) |
| ૮ | દરેક ફેક્ટરી કે રહેણાંક પાસેથી દૈનિક ઔધોગિક કચરા/ઘરઘથ્થુ કચરો એકઠો કરી તેના નિકાલનુ આયોજન (Door to door collection and disposal of waste) |
| ૯ | દરેક ઔધોગિક/રહેણાંક એકમ કે મંડળી (Society) પાસે કચરાપેટી મુકેલ છે કે કેમ? |
| ૧૦ | કચરાપેટીમાં કચરો નાખવાની અને કચરાપેટીમાંથી કચરો ઉઠાવવાની વ્યવસ્થા કરેલ છે કે કેમ? |
| ૧૧ | રોડ-રસ્તા સાફ થયેલ છે કે કેમ? |
| ૧૨ | રોડ તેમજ રોડની બંને તરફની ખુલ્લી જગ્યામાં કોઇ અવરોધો/દબાણ છે કે કેમ? |

ઉપરોક્ત માપદંડો પ્રમાણે સફાઈ કરી આપણે એસ્ટેટને ગુજરાત રાજયની પ્રથમ નંબરની જી.આઈ.ડી.સી.એસ્ટેટ બનાવવા માંગીએ છીએ,જેમાં આપના સહકારની અપેક્ષા છે. હાલમાં ઘણા યુનીટો આગળ મોટા પ્રમાણમાં કચરો/ડેબ્રીજ પડેલ છે અને તે ઝડપી ખસેડી લેવા માટે વિનંતીપત્ર પણ પાઠવેલ છે.તો તે જલદીથી દુર કરીને ગેજીયામાં જાણ કરવા વિનંતી છે.છેલ્લે આપ સહુ ઉદ્યોગકારો સહકાર આપશો તેવી આશા સહ,

ગેજીયા વતી

સેક્રેટરીશ્રી

**GANDHINAGAR ELECTRONICS ZONE INDUSTRIES ASSOCIATION (GEZIA)**
B-23/2/1&2, GIDC Electronics Estate, Sector-25, Gandhinagar – 382028.
Tel. 079-23287130, e-mail No.: geziaonline@gmail.com, website: www.geziaonline.org

# જાહેર સરક્યુલર

તારીખ- ૨૫.૧૦.૨૦૧૬

આથી તમામ ગેજીયાના મેમ્બરશ્રીઓને જણાવવાનું કે ઇલેક્ટ્રોનિક્સ એસ્ટેટમાં તારીખ-૨૮.૧૦.૨૦૧૬ થી તારીખ-૦૪.૧૧.૨૦૧૬ સુધી દિવાળી વેકેશનની રજાઓ હોવાથી આ સમય દરમ્યાન એસ્ટેટના યુનીટોની સુરક્ષાના હેતુસર નીચે જણાવેલ ગેટ બંધ રાખવાનુ નક્કી કરેલ છે તો આ બાબતે આપ યોગ્ય સાથ-સહકાર આપશો તેવી વિનંતી છે.

દિવાળી વેકેશન દરમ્યાન રાત્રી-દિવસ બંધ રાખવાના ગેટની યાદી

(1) પ્લોટ નં-બી- 22 સાઇડે,ક-રોડ ઉપર આવેલ ગેટ બંધ રહેશે.

(2) પાઠ્ય પુસ્તક મંડળ સાઇડનો ગેટ જે કાયમી બંધ કરવામાં આવેલ છે.

(3) એરફોર્સ સાઇડ,–કોલવડા રોડ ઉપરનો ગેટ પ્લોટ નં.બી-12 એરેકોમ ની બાજુનો ગેટ

(4) ઇ-ઝોનમાં જવાનો ગેટ દેવી ઇલે.સાઇડ પ્લોટ નં.ઇ-7-8 સાઇડનો ગેટ

(5) પેટ્રોટેક ગેટ , ડી-માર્ટ ની સામે,ક-રોડ ગેટ

(6) હીટાચી –હાઇરલ- KPTL પ્લોટનં- બી-117-118 અને બી-15 વચ્ચે આવેલ ગેટ

નોંધ: ઉપર જણાવ્યાનુસાર 6 ગેટ વેકેશન દરમ્યાન સદંતર બંધ રાખવામાં આવશે અને તે સિવાયના બાકીના ગેટ જરૂર પડ્યે રાત્રે બંધ કરવાના અને સવારે ખોલવાના થશે જેની નોંધ લેવા દરેક યુનીટ ધારકોને જણાવવામાં આવેછે.

ગેજીયા વતી,

સુધીરભાઇ વિચારે
(સેક્રેટરીશ્રી)